## નાપાસ થવું તે ગુનો નથી, પણ નાસીપાસ થવું તે ગુનો છે.

આજે ધો.૧૨નું પરિણામ છે. લખો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. તેમાંથી ઘણાં વિદ્યાર્થીઓ પાસ થશે તો ઘણાં વિદ્યર્ચીઓ નાપાસ પણ થશે. પાસ કે નાપાસ થવું એ પરીક્ષાની પ્રક્રિયાનો એક ભાગ છે. જેનાથી ભવિષ્યમાં આપણે શું કરવાનું છે તેનો માર્ગ મળે છે. પછી ભલે ને તમે નાપાસ કે પાસ થયા હોય. આમછતાં નાપાસ થનાર કેટલાંક વિદ્યાર્થીઓ નાપાસ થવું તેને એક ગુનો કર્યો હોય તેમ માને છે.શાળા-કોલેજોમાં એવા ઘણાં વિદ્યાર્થીઓ હોય છે કે જેમને કોઇ ચોક્કસ કામમાં ધાર્યા કરતાં ખૂબ જ ઓછું પરિણામ આવ્યું હશે. તેમની ઇચ્છા-અપેક્ષા સારા પરિણામની હતી પણ તે અપેક્ષા નહીં સંતોષાતા તેઓ માનસિક રીતે દુ:ખી થતાં જોવા મળે છે. ઇચ્છા ન સંતોષાતા દુ:ખી થવું તે સહજ સ્વાભાવિક પ્રક્રિયા છે. પણ અપેક્ષા ન સંતોષાય ત્યારે ભય અને શંકા ઉદ્‌ભવે, પોતે પોતાની જાત ને લઘુતાથી જૂએ તે સારી બાબત નથી. કોઇ પણ વ્યકિંત કોઇ  પણ કામ હાથ પર લે તો તે કામની સાથે સફળતા અથવા તો નિષ્ફળતા સંકળાયેલ જ હોય છે. જે પ્રાપ્ત થાય તેનો સ્વીકાર કરવો તે ડાહ્યા માણસની નિશાની છે.

પરીક્ષામાં ઓછાં પરિણામને કારણે કેટલાંક વિદ્યાર્થીઓના વર્તન અને વિચારમાં નકારાત્મક ફેરફાર જોવા મળે છે. ઘરનાં અન્ય સભ્યોની સાથે બોલે નહીં, ઘરમાં જ પૂરાઇ રહે, સગાં કે મિત્રોની સામે નીચું માંથું રાખીને બેસી રહે. નકારાત્મક વિચારો પણ કરે કે હવે મારું શું થશે, લોકો મને શું કહેશે. મને ક્યાંય એડમિશન નહીં મળે, મિત્રો મારા માટે શું વિચારશે? વગેરે. ક્યારેક તેઓ ઘરથી ભાગી જવાનો કે દુનિયા છોડી દેવાનો અત્યંત ખરાબ નિર્ણય પણ લઈ લે છે. જે વિદ્યાર્થીઓ આવું વિચરતાં હોય છે તેમના ઉપરોક્ત તમામ વિચારો ખોટાં છે, જે ખોટાં આવેગને કારણે આવેલાં વિચારો છે, જેનો અમલ કરીને તમારી જાતને કે તમારા વાલીને નુકશાનમાં ના ધકેલશો.

ઓછું પરિણામ આવે ત્યારે દુ:ખ થાય તે સ્વાભાવિક છે, પણ તે નક્કર વાસ્તવિકતા છે. તેનો સ્વીકાર કરો. તમારી જાતને સહેજ પણ હલકી કે નીચી ગણવાની જરૂર નથી. ઓછૂં પરિણામ મેળવનાર માત્ર તમે એકલા નથી. તમારા જેવાં હજારો વિદ્યાર્થીઓ છે જ. માટે આ દુનિયામાં તમને એકલા ને જ ઓછું પરિણામ મળ્યું છે તેમ માનવાની જરૂર નથી. ભાઇ…જેને પરીક્ષા આપી હોય તેને જ સારું કે ખરાબ પરિણામ આવે. પરીક્ષા જ ન આપી હોય તેને ન આવે. પરિણામ ઓછું આવવાથી તમે ડફોળ છો, તમે મહેનત નહોતી કરી તેમ માનવાને કોઇ કારણ નથી. તમારામાં એવી ઘણી ખૂબીઓ હશે જ કે જે બીજા અન્યમાં ન પણ હોય. તમે તમારા મિત્ર કે મમ્મી-પપ્પાને પૂછો કે, “ મારામાં રહેલી ત્રણ ખૂબીઓ બતાવો“ અથવા તો એમ પૂછો કે તમારામાં એવી કઇ  ત્રણ બાબત છે કે જે તમારા મિત્રો, મમ્મી-પપ્પાને ખૂબ જ ગમે છે. આમ દોસ્તો તમારામાં રહેલી સારી બાબતોને યાદ કરીને અત્યારે મળેલ નિષ્ફતાને ભૂલવાનો પ્રયત્ન કરો. અભ્યાસમાં નાપાસ થયા છો તો વાંધો નહીં, પણ ખરાબ વિચારો કરીને કે અયોગ્ય રસ્તા પસંદ કરીને જીવનમાં શા માટે નાપાસ થાઓ છો? નાપાસ થવું તે ગુનો નથી, પણ નાપાસ થયા પછી નાસીપાસ થવું તે ગુનો છે. મોટા-મહાનુભાવ ગણાતાં વ્યકિંતના જીવન વિશે કોઇને પૂછો કે પુસ્તકો વાંચો. મોટાભાગના મહાન વ્યક્તિઓને અનેકવાર અનેક નિષ્ફળતા મળેલી જ હોય છે. આમ સફળતા માટે નિષ્ફળતામાંથી પસાર થવું જ પડે છે. નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ પગથિયું છે. ટોમ વોટસને કહેલું કે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી દો. નિષ્ફળતા મળે તે ખરાબ બાબત નથી, પણ નિષ્ફળતાનો સ્વીકાર ન

કરવો અને તેના કારણો ન શોધવા તે વધુ ખરાબ છે. નિષ્ફળતા પછી તમે પસંદ કરેલ માર્ગ જ તમારા ચારિત્ર્યની ચાડી ખાય છે. તમારા ભવિષ્યને નક્કી કરે છે. માટે જ નિષ્ફળતા પછી શું કરવું તે ખુબ જ સમજી વિચારી શાંત મગજે નિર્ણય લેવો. ઉતાવળમાં ઝડપી નિર્ણય ખોટો પડવાની શક્યાતાને વધારી દે છે. નિષ્ફળતા મળ્યા પછી તેના કારણો શોધો, પ્રયત્ન કરો, વિશ્વાસ રાખો અને સમયની રાહ જૂઓ. આમ નિષ્ફળતાને સફળતામાં ફેરવવા માટે 2CT ને ધ્યાનમાં રાખો. Cose, Try, Confidence, Time

સફળ થવા માટેના જરૂરી તમામ ગુણો આપણામાં હોય છે, પરંતુ તેની જાણ આપણને હોતી નથી, તે ગુણો ઓળખી કાઢી ચોક્કસ દિશાના પ્રયત્નો કરવાથી સફળતા આપણને શોધતી આવશે. ભૂલ થાય તે ભૂલ નથી, પરંતુ ભૂલ થયા પછી ભૂલ સુધારવી નહીં તે ભૂલ છે. તમારા વિચારને હકારાત્મક બનાવો. પાણીથી ભરેલા અડધા ગ્લાસમાં અડધો ખાલી છે તેમ ન જોતાં અડધો ગ્લાસ ભરેલો છે તેમ જૂઓ. તમને પોતાને જો તમારી જાત પર વિશ્વાસ નહીં હોય તો બીજાને તમારા પર કેવી રીતે વિશ્વાસ બેસશે? માટે સૌ પ્રથમ તો તમે પોતે જ મજબૂત બનો, હિંમત રાખો, પોતાના પર અડગ વિશ્વાસ રાખો અને તમારા વાલી-સમાજ ને બતાવી આપો કે " હમ ભી કિસી સે કમ નહીં"..આમ પણ મિત્રો શાંત દરિયો ક્યારેય સારો ખલાસી બનાવી શકતો નથી. નિષ્ફળતા અને સફળતા એક સિકકાની બે બાજુ છે. સિક્કો ઉછાળતાં કોઇ એક બાજુ ઉપર રહે છે તેમ કોઇ પણ પ્રયાસ-કાર્યના અંતે સફળતા કે નિષ્ફળતા પણ સિક્કાની જેમ આપણી સામે હોય છે.

નિષ્ફળ વ્યકિતની સફળગાથાનું એક ઉદાહરણ.: એક વ્યકિત..........

૨૧ વર્ષે ધંધામાં નિષ્ફળ, ૨૨ વર્ષે વિધાનસભાની ચૂટણી હાર્યા, ૨૪ વર્ષે ધંધામાં ફરી નિષ્ફળ

૨૮ વર્ષે વ્હાલી પત્નીનું અવસાન, ૨૭ વર્ષે માનસિક વિકૃતિનો ભોગ, ૩૪ વર્ષે સંસદીય ચૂંટણીમાં હાર, ૪૫ વર્ષે સેનેટની ચૂંટણીમાં હાર ,૪૯ વર્ષે સેનેટની ચૂંટણીમાં ફરીથી હાર ,૫૨ વર્ષે અમેરિકાના પ્રમુખ બન્યા.....તે વ્યતિં એટલે અબ્રાહમ લિંકન. દુનિયામાં આવા અનેક વ્યકિંતઓ છે. ધીરુભાઇ અંબાણી કે મફત ગગલ વિશે તમારા વાલીને પૂછી જૂઓ. તમે પણ આવી અનેક વ્યકિંતમાં સ્થાન નહીં મેળવો તેની કોઇ ખાતરી છે? તો મિત્રો, નિષ્ફળતામાંથી પણ શીખવા મળે છે, તે શીખો. નિષ્ફળતાથી ભયભિત થયા વગર, લઘુતાગ્રંથિ રાખ્યા વગર નવી ગીલ્લી, નવો દાવ લો અને ફરીથી ચોક્કસ માર્ગ અપનાવીને તમારા જીવનના લક્ષ્યને હાંસલ કરો તેવી શુભેચ્છા.